# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : તૌફીક સમા

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૦૬-૧૦-૨૦૨૪** **સમય-સાંજે-૬.૨૫**

---

## નવલાં નોરતાનો ચોથો દિવસ :

નવલાં નોરતાંનો આજે ચોથો દિવસ છે.આજે માતાજીના કુષ્માંડા સ્વરૂપની પૂજા થાય છે.મા કુષ્માંડાના મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પતિ થઇ છે.મા ના સ્વરૂપને આઠ ભૂજાઓ છે.તેમના હાથમાં કમંડળ,ધનુષ્યબાણ,કમળનું ફૂલ,અમૃત,કળશ,ચક્ર, ગદા છે.આ સિદ્ધિ પ્રદાન કરનાર માતા છે.તેમનું વાહન સિંહ છે.મા ની આરાધનાથી આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે.

આજના ચૌથા નવરાત્રીના દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુષ્માંડા માતાજીની પૂજા-અર્ચના કરી.

પ્રધાનમંત્રીએ તેમના સોશિયલ મિડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરી જણાવ્યું કે,"નવરાત્રીના ચોથા દિવસે દેવી કુષ્માંડાના ચરણમાં વંદન! માતાજીની કૃપાથી સૌ કોઈનું જીવન આયુષ્માન બને, તેવી જ પ્રાર્થના છે.કચ્છમાં પણ વિવિધ જગ્યાએ નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**RNU અમદાવાદ**

---

## વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી :

**સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 4 ઓક્ટોબરથી 10 ઓક્ટોબર દરમિયાન વિશ્વ અંતરિક્ષ સપ્તાહની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.આ વર્ષે ની થીમ 'સ્પેસ એન્ડ ક્લાયમેટ ચેન્જ' છે.ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરાયો છે.સાયન્સ સિટીમાં આ ઉજવણી અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે.આ ઉપરાંત 10 ઓક્ટોબર સુધી સ્પેસ ટૉકનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જુદી જુદી સંસ્થાના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ગુજરાત સાયન્સ સિટીમાં આવીને વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન વિશે રોચક માહિતી આપશે.સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓની શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લેશે.**

**RNU અમદાવાદ**

---

## રાપર-સંકલન સમિતિની બેઠક :

રાપર તાલુકાની સંકલન સમિતિની બેઠક ભચાઉ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મળી હતી.જેમાં રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના રસ્તા, વીજજોડાણ, નર્મદા, વન વિભાગ, આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, મહેસૂલ, પાણી પુરવઠા, ખેતી સહિતના 57 જેટલા વિવિધ પ્રશ્નની રજૂઆત કરવામાં આવી હતી.જેમાંથી જે તે વિભાગના અધિકારીઓને ઉકેલ લાવવા માટે સૂચના આપવામાં આવી હતી.આ સંકલન સમિતિની બેઠકમાં મામલતદાર,ધારાસભ્ય,તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદાર, તાલુકા પંચાયત પ્રમુખ સહિત તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**NP-તૌફીક સમા**

---

## ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી :

ગુજરાતમાં ફૂડ વિભાગ દ્વારા તારીખ 3 થી 17 સુધી ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી અંતર્ગત નખત્રાણામા ધંધાર્થીઓને ફૂડ સેફ્ટી પખવાડિયા અંતર્ગત નાસ્તાની લારી, ફેરિયા, હોટલ અને રેસ્ટોરન્ટ સાથે સંકળાયેલ વેપારીઓને ફૂડ સેફ્ટી અંગેની જાણકારી આપવામાં આવી હતી તેમજ સ્થળ પર રજીસ્ટ્રેશન કેમ્પ યોજી 38 રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મંજૂર કરાયા હતા.કોઈપણ પ્રકારની ખાદ્ય સામગ્રીનું વેચાણ કરવું હોય તો ફૂડવિભાગનું લાયસન્સ હોવું જરૂરી છે એ બાબતે પણ સમજ આપવામાં આવી હતી.

**NP-તૌફીક સમા**

---

## કચ્છ-સ્વચ્છતા હી સેવા :

કચ્છ જિલ્લાના મીઠી રોહર, ભારાસર સહિતના ગામમાં નદી – નાળામાં સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં જેસીબી મારફતે પુલમાં,નદી-નાળામાં રહેલ ગંદકીની સફાઈ કરવામાં આવી હતી.માંડવી, ભચાઉ, રાપર સહિતના શહેરોમાં વિવિધ સ્થળો પર સફાઈ હાથ ધરી લોકોને સ્વચ્છતા રાખવા માટેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ :

ભારત આજે ગ્વાલિયરમાં ત્રણ મેચની શ્રેણીની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં બાંગ્લાદેશ સામે ટકરાશે.આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.સુકાની

**સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યા ટીમમાં બે ટોચના ખેલાડીઓ છે.ભારતીય ટીમ પહેલી મેચમાં જ જીતના વિશ્વાસ સાથે ઉતરશે.જોકે બાંગ્લાદેશની ટીમ પણ ભારતને ટક્કર આપશે.**

**RNU અમદાવાદ**

**------------------------------------------------------------------------------------------**

# શી ટીમ :

ગાંધીધામ અને અંજારમાં નવરાત્રી મહોત્સવ દરમીયાન કાયદો અને વ્યવસ્થા જળવાય,મહિલાઓને સુરક્ષા મળી રહે તેવા ઉદ્દેશથી રાત્રી દરમિયાન મહિલા પોલીસની SHE ટીમ સાથે પોલીસ તૈનાત રહી કાર્યવાહી કરી રહી છે.જેમાં પોલીસે ડ્રીંક એન્ડ ડ્રાઇવ કરતા છ ઇસમો સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

**NP-તૌફીક સમા**

---

**------------------------------------------------------------------------------------------**